**GO-2112** Seat No. ________

# B. A. (Sem. V) Examination

## November / December – 2013

## Gujarati : Paper - C.C. - 507

(ભાષાના સ્વરૂપનો અભ્યાસ - ૧)

*(New Course)*

Time : 3 Hours] [Total Marks : 70

૧ ભાષાનું માનવવ્યવહારમાં સ્થાન સમજાવી, ભાષાના વિવિધ ઉપયોગો ચર્ચો. ૧૪

**અથવા**

૧ માનવભાષા અને પશુ-પંખીઓનો અવગમન વ્યવહાર સમજાવી, માનવભાષાની વિશેષતાઓ ચર્ચો. ૧૪

૨ ભાષાની વ્યાખ્યાઓમાંથી પ્રગટતાં ભાષાનાં લક્ષણોની ચર્ચા કરો. ૧૪

**અથવા**

૨ ટૂંકનોંધ લખો : ૧૪

(૧) ભાષાના પ્રાદેશિક, સામાજિક અને સાંસ્કૃતિક સ્વરૂપ ભેદો

(૨) ભાષા અને લિપિ.

૩ ભાષાની ઉચ્ચારણ પ્રક્રિયામાં ભાગ ભજવતા વાક્‌વયવોની સદૃષ્ટાંત ચર્ચા કરો. ૧૪

**અથવા**

૩ ભાષાનાં વિવિધ ઘટક અંગો : ધ્વનિ, રૂપ, પદ અને વાક્યની વિગતે ચર્ચા કરો. ૧૪

૪ ટૂંકનોંધ લખો : (ગમે તે **બે**) ૧૪

(૧) માન્ય ગુજરાતીના સ્પર્શવ્યંજનો

(૨) માન્ય ગુજરાતીના સ્વરો

(૩) માન્ય ગુજરાતીના અનુનાસિક ધ્વનિઓ

(૪) ગુજરાતી ભાષાની શબ્દસમૃદ્ધિ.

૫ ટૂંકમાં જવાબ લખો : (ગમે તે **સાત**) ૧૪

(૧) ભાષા એટલે શું ? ભાષાની સ્વરૂપગત લાક્ષણિકતાઓ જણાવો.

(૨) પ્રત્યાયન એટલે શું ? મધમાખી અને ફૂલનો અવગમન વ્યવહાર સમજાવો.

(૩) ભાષાની યાદચ્છિકતા વિશે ટૂંકમાં સમજૂતી આપો.

(૪) ભાષાનાં મુખ્ય સ્વરૂપો કેટલાં અને કયાં કયાં છે ? તેમાં કયા સ્વરૂપને આદર્શરૂપ માનવામાં આવે છે ?

(૫) માન્ય ભાષા અને બોલી વચ્ચેનો સામ્ય-ભેદ સ્પષ્ટ કરો.

(૬) ભાષાના ધ્વનિ ઘટકો અને ધ્વનિ-સંકેતોથી કઈ રીતે જુદા પડે છે ?

(૭) વાક્ય એટલે શું ? વાક્યના મુખ્ય પ્રકાર જણાવો.

(૮) પાર્શ્વિક અને પ્રકંપી ધ્વનિઓ કયા કયા છે ?

(૯) ગુજરાતીના અર્ધસ્વરો કયા કયા છે ? તેમનું ઉચ્ચારણ સ્થાન જણાવો.

(૧૦) ગુજરાતી ભાષાના શબ્દભંડોળ પર કઈ કઈ વિદેશી ભાષાનો પ્રભાવ પડ્યો છે ?

(૧૧) સ્લેન્ગ એટલે શું ? સ્લેન્ગ ભાષાના શબ્દોનાં ચાર દૃષ્ટાંત આપો.

(૧૨) ગુજરાતી સ્પર્શવ્યંજનોના કેટલા વર્ગ પડે છે ? કયા કયા ?

---